નમસ્કાર ગાંધીનગર

પમરાટ

વિપદના કંટકોને ધૈર્યથી પુષ્પો બનાવીને,
જીવનની ફૂલદાની એમ બેઠો છું.. સજાવીનેપ!
તમારી યાદમાં ફૂલોથી અદકું હાસ્ય વેર્યું છે,
નવી રીતે હસી લીધું અમે આંસુ વહાવીનેપ!
- ગની દહીવાલા

પાથેય

- રમેશ ઠક્કર

જીવનની ફુલદાની

સમજણ એ જ કદાચ માણસ માટે જીવવાનો સાચો અભિગમ છે..જીવનપથ વિકટ હોય છે..આપણે નિરંતર ચાલતા રહેવું પડે છે..જો અટકી જઈએ તો ઠપ્પ થઈ જવાય.પર્વતની ટોચ ઉપર જવા માટે અનેક અડચણોનો સામનો કરવો પડે છે..નીચે ગબડી પડવા માટે કોઈના સહારાની જરૂર રહેતી નથી..પતન એટલું સહજ હોય છે કે લોકો એમાં સ્વયંભૂ મદદ કરતા રહે છે..દુનિયાની આ તાસીર છે..ઝંઝાવાતભરી સફર હોય તો પછી માણસે બેફિકર થઈ જવું પડે..સતત ટકી રહેવું એ એની પ્રાથમિક જરૂરિયાત હોય છે..અને એ માટે જો સૌથી મોટો સદગુણ હોય તો એ આપણી ધીરજ છે..ઉતાવળા સો બહાવરા ધીરા સો ગંભીર એ કંઈ એમને એમ નથી કહેવાયું !..આપણે સહુ વિપત પડે એટલે વલખવા માંડીએ છીએ..બેબાકળા બનીને પરિસ્થિતિને વધારે ગૂંચવી નાખીએ છીએ..વિપદનો કાંટાળો પથ ધીરજથી હૂંફાળો બનાવી શકાય છે..કવિઓની પાસે આવી આર્ટ સહજ હોય છે..સામાન્ય માણસને જયાં બધું અટપટું કે અશક્ય લાગતું હોય ત્યાં કોઈ સર્જક એને સમજણ થકી બહુ સરળ બનાવી દેતો હોય છે..જીવનની ફૂલદાની ગૂંથવાની એની રીત કાબિલેદાદ હોય છે.

કોઈકે સરસ કહયું છે કે જીવનનો રસ્તો એ કોઈ ગુલાબની પથારી જેવો નથી..જયાં તમને ફકત આરામ મળે..માણસે પળેપળ ઝઝૂમવું પડે એનું નામ જ કદાચ જીવન..ઘણીવાર હાસ્ય અને રૂદન એક સિક્કાની બે બાજુ જેવાં બની જાય છે..જગતના દરેકને પોતાના પ્રશ્નો છે.પળોજણો છે..પારાવાર મુશ્કેલીઓ છે..આ બધું કોઈને કહેવાનો અર્થ હોતો નથી..એનું બયાન એ જ આપણા ઉપવાસનો ઉત્સવ બની જતું રહે છે..આપણી ઉદાસીમાં અન્યને સહભાગી થવાનો કોઈ ઉમંગ હોતો નથી..એકલા પડી જવાની નોબત એ ગમે તેવી આત્મીય સોબતને પણ અળગી કરી નાખે છે.જગત જો આવું જ નિષ્ઠુર હોય તો અને આપણા જખમોને વધારે ને વધારે ખોતરવું રહેતું હોય તો એવા જગતમાં આપણે હસતા રહેવાની આગવી આવડત કેળવી લેવી પડતી હોય છે..કોઈકની યાદમાં રડમસ થતો માણસ જો દયાપાત્ર થઈ જતો હોય તો એણે મક્કમ બનીને એની અભિવ્યક્તિ છે એ કલાત્મક બનાવવી પડે..જગતમાં મોટાભાગે આપણા સહુની સ્થિતિ આવ ભાઈ હરખા આપણે બેય સરખા જેવી જ હોય છે ! એને અન્યની સામે વ્યકત કરવાની પોતાની કોઠાસૂઝ જ આગવી હોઈ શકે !

સામા છેડે એક પણ છે કે જગત જો આવું હોય તો આપણે કઈ રીતે જીવવું ? એક નાનું સરખું સત્ય છે. તમારું જીવવું ત્યારે જ ગણાય જયારે તમે કોઈક ને સ્મિત આપી શકો.! જગતમાં ઉદેશ સાથે કામ કરનારાઓનો તોટો નથી, પરંતુ નિરુદેશ રહી ને કામ કરવાનો રસ્તો પણ ખોટો નથી. આપણે સ્વાર્થમય કોચલા ને ભેદી બહાર નિકળીએ ત્યારે જ ખબર પડે છે કે વહેતી હવામાં કેટલી તાજગી ભરી હોય છે..! કોઈક માણસ માટે એવો ઈલ્કાબ સાંભળીએ કે 'એ તો કશા જ કામ નો નથી.' ત્યારે એ શબ્દો મનુષ્યત્વ ના મરશિયા સમાન

અનુસંધાન પાના નં. ૭ પર

આપ-બીટીપી ગઠબંધનનું ભાવિ

આંતરરાષ્ટ્રીય સ્તરે ઊજવાતો 'મે ડે' - વિશ્વ શ્રમજીવી દિવસ અને ગુજરાત સ્થાપના દિવસ બેઉના સમન્વય ઉપરાંત હિંદુ પંચાગંની પવિત્ર તિથિ અક્ષય તૃતીયા - પરશુરામ જયંતી એકી સાથે નજીક નજીકના દિવસોમાં આવી ગયાં છે સાથે રમજાન ઈદ પણ છે. ગરમીનો પારો ચઢતો જાય છે અને વૈશાખી વાયરા વાતા હોય તેવા સમયે જ લગ્નોનાં મુહુર્ત પણ મંડાય છે. મેના પ્રથમ દસ દિવસ દરમિયાન ગુજરાતના પન્નાલાલ અને બંગાળના રવીન્દ્રનાથનો પણ જન્મદિવસ આવે છે. આવા સપરમા દિવસોમાં ગુજરાતમાં ચૂંટણીનો માહોલ સરજાયો છે તે પણ સૂચક છે. ગરમી ભેગી ગરમી. અંગ્રેજીમાં કહેવત છે : સ્ટ્રાઈક વ્હેન આયર્ન ઈઝ હોટ ! લોઢું તપેલું હોય ત્યારે જ ટીપી નાખો તો ઈચ્છિત ઘાટ ઘડાય. ઉત્તરપ્રદેશની સફલતાના નશામાં ભાજપને અને પંજાબની સફળતામાં આમ આદમી પાર્ટીને લોઢું બરાબર લાલચોળ થયેલું વરતાઈ રહ્યું છે. એટલે એક તરફ ભારતીય જનતા પાર્ટીએ 'મિશન-૧૫૦' હાંસલ કરવા માટે ગંભીર પ્રયાસો ચાલુ કર્યા છે તો બીજી તરફ ગુજરાતમાં એન્ટ્રી મારવા નાનકડું ખોડીબારું પણ મળી જાય તો એ મેળવી લેવા આમ આદમી પાર્ટી તળે પેંગડે થઈ રહી છે. 'આપ'ના સર્વોચ્ચ નેતાએ મજૂર દિવસે અને ગુજરાત સ્થાપના દિવસે જ ભરૂચ પંથકમાં ટ્રાઈબલ પાર્ટીના નેતા છોટુભાઈ વસાવાની નિશ્રામાં તીરકામઠાં તાકીને આદિવાસી સંકલ્પ સંમેલન કર્યું. છોટુભાઈ વસાવા અને એમના રાજકીય વારસદાર મહેશ વસાવા બેઉ આ પાર્ટીના નિશાન પરથી નજીકની બે બેઠકો જીતેલા છે. બાકીના ગુજરાતમાં બીપીટી લગભગ અજાણી પાર્ટી છે. છેલ્લે નગરપાલિકા - પંચાયત જેવી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી વખતે હૈદરાબાદથી ઓવૈસી - છોટુભાઈની કુમકે દોડી આવ્યા હતા. ભરૂચ પંથકમાં આદિવાસી - મુસ્લિમ ભાઈ ભાઈ જેવા નારા પણ ચાલ્યા પણ એના સાનુકૂળ પડઘા પડ્યા નહીં. એક સમય હતો જયારે વિવિધ જ્ઞાતિ સમીકરણો માંડીને ચૂંટણીમાં ધાર્યું પરિણામ લાવી શકાતું નથી. માધવસિંહ સોલંકીની 'ખામ' થિયરીમાં ક્ષત્રિય - હરિજન - આદિવાસી - મુસ્લિમ સમુદાયોને સાંકળી લેવામાં આવ્યા હતા. ઓબીસી માટે ૨૭ ટકા અનામતનો ઐતિહાસિક નિર્ણય કોંગ્રેસને ફળ્યો હતો અને એને વિક્રમજનક ૧૪૯ બેઠકો મળી હતી. આદિવાસી બેઠકો પર કોંગ્રેસ સવિશેષ મદાર રાખતી રહી છે. પરંતુ અત્યારે કોંગ્રેસ પાસે ઝીણાભાઈ દરજી કે અમરસિંહ ચૌધરી નથી. મધુસૂદન મિસ્ત્રીની મર્યાદિત પહોંચે છે. ભારતીય જનતા પાર્ટી પાસે પણ વર્ચસ્વ વાળા આદિવાસી નેતા નતી. જે કંઈ છે તે મનસુખ વસાવા અને ગણપત વસાવા છે. કોંગ્રેસે આદિવાસી ધારાસભ્ય સુખરામ રાઠવાને વિપક્ષના નેતા બનાવ્યા છે. મોહનસિંહ રાઠવાની ઉંમર થઈ ગઈ હોવા છતાં સક્રિય છે. ભાજપ અને કોંગ્રેસ બેઉ પાર્ટીઓ કરતાં બીપીટી આદિવાસીઓની સુવાંગ પાર્ટી છે અને વધુ લડાયક છે. પરંતુ એની પાસે નાણાં નથી કે નથી વ્યાપ. કેજરીવાલને અને ઔવેસીને સામે ચાલીને બોલાવી લાવનાર છોટું વસાવા કદાચ થોડી વધુ બેઠખો લડીને રાષ્ટ્રીય પક્ષોને આદિવાસી બેઠકો ઓછી કરી શકે, પણ એથી કંઈ 'આપ-બીપીટી' સરકાર બનાવવા માટેનું નિર્ણાયક બળ ન બની શકે. નકસલવાદની થિયરીને અનુકૂળ થવામાં પણ બીપીટીને બહુ વાંધો નહીં આવે. પરંતુ એથી 'આપને'ફાયદા કરતાં નુકશાન થવાની વધુ સંભાવના રહેશે. આમ પણ કુમાર વિશ્વાસ જેવા સાથીએ કેજરીવાલ પર ખાલિસ્તાન સમર્થક હોવાનો આક્ષેપ તો લગાવેલો જ છે. જો કે પંજાબમાં 'ખાલિસ્તાન'નું સમર્થન પાર્ટીને ફળી શકે પણ એ જ મુદ્દો રાષ્ટ્રીય કક્ષાએ બૂમરેંગ થઈ શકે. ભાજપના પ્રદેશ પ્રમુખે આ વાત મૂકી જ છે. કેજરીવાલ ખાલિસ્તાન સમર્થક અને છોટુ વસાવાની પાર્ટી નકસલવાદથી પ્રભાવિત હોવાનો પ્રચાર કરીને બેઉના ગઠબંધનને થોડી બેઠકોમાં સીમિત કરી શકાય. 'આપ'ને સૌરાષ્ટ્ર-સુરતમાં પાટીદારોના સમર્થનની અપેક્ષા રહે છે તે કેટલી ફળે છે એ તો સમય જ કહેશે. પાટીદારો સમૃદ્ધ કોમ છે. એટલે આદિવાસીઓના ઉગ્રવાદી જૂથ સાથે સંકલન કરવાનું ભાગ્યે જ ફાવશે. નરેશ પટેલ પર હવે નથી કોંગ્રેસને ઝાઝો મદાર રહ્યો કે નથી 'આપ' એમને વિશ્વાસની નજરે જોતું. આ સંજોગોમાં આપ-બીપીટી ત્રીજા પરિબળ તરીકે કાઠું કાઢે કે સરકાર બનાવવામાં કી-રોલ ભજવવા જેટી બેઠકો લાવે એ શક્ય લાગતું નથી. શિક્ષણના મુદ્દે 'આપ' મજબૂત દાવેદારી જરૂર કરી રહેલ છે. પણ કેજરીવાલ અને એમના ડેપ્યુટી સિસોદિયાને એ ખબર નથી કે ગુજરાત માટે શિક્ષણ એ ગૌણ વિષય છે. એના માટે કેન્દ્ર સ્થાને તો ઉદ્યોગો છે. એથી શિક્ષણને પણ ઉદ્યોગ બનાવી દેનાર ભાજપ સરકાર એમને ભલે અળખામણી લાગતી હોય પણ ગુજરાતને તો એ સદી ગઈ છે !

તંત્રીસ્થાનેથી...

ટ્રાઈબલ ટુરિઝમ વિકસશે, ધરતીનો ધબકાર ઝીલાશે...

'અહીં આવતા જ ગુજરાતના અસ્સલ આતિથ્યનો અણસાર મળે છે!'

'આના લીધે ટ્રાઈબલ ટુરિઝમનો વિકાસ થશે.'

'ગુજરાતના વિવિધ પ્રદેશોની મૂળ ભાતીગળ સંસ્કૃતિનો અહીં અહેસાસ થાય છે.'

આવા ભાવનાત્મક વાક્યો જેના માટે બોલાયા તે જગ્યા એટલે તોરણ વીલેજ, ગામ - લીન્ડા ટેકરા, તાલુકો - નવસારી, જિલ્લો - છોટા ઉદેપુર અને રાજય - ગુજરાત.

ગુજરાત ટુરિઝમ સાથે મળીને ઈમેજીનેશન ડીઝાઈને આ એક નોખુ અનોખું ગામ ઊભું કર્યું છે. પી.પી.પી. ધોરણે.

થોડા સમય પહેલા અહીં યોજાયેલા બે દિવસીય આદિવાસી લોકનૃત્ય મહોત્સવમાં અમદાવાદના પનઘટ સંસ્થાના ચેતન દવે અને જયેશ પ્રજાપતિ સાથે જવાનું થયું અને આ મનોહારી જગ્યામાં પ્રકૃતિને મબલખરુપે અનુભવી.

એકાદ લાખ ફૂટમાં ફેલાયેલા આ 'તોરણ વીલેજ' માં આવનારના મોબાઈલ ફોન કયારેક જ શરૂ રહે છે અને એટલે જે સ્વજનો હોય એમની સાથે ને જાત સાથે વધુ સમય રહેવા મળે છે. ચૈતર સુદ પુનમના દિવસોમાં મોડી રાત્રે ખાટલા ઢાળીને દિવસોમાં ચાંદની ઝીલતા ઝીલતા તારા દર્શનનો અનુભવ અણમોલ રહ્યો.

ગુજરાત પ્રવાસન નિગમના માધ્યમથી ઈમેજીનેશન ડીઝાઈન કંપનીના શ્રી પ્રબીન અવલંબે આ તોરણ વીલેજ ઊભું કર્યું છે જેમાં એમના પત્ની શ્રીમતી બાલીબહેન બારોટે સતત સાથ આપી રહ્યા છે.

'તોરલ વીલેજ' નો વિચાર ક્યાંથી આવ્યો ? પ્રશ્નના જવાબમાં પ્રબીન ભાઈ કહે છે કે 'મારા પાંચ વર્ષના દીકરા અર્ષે સાવ સહજપણે એકવાર કહ્યું કે દૂધ થેલીમાંથી આવે ને મને થયું કે આપણે બેક ટુ રૂટ્સ જવું જ પડશે. મેં ગુજરાત પ્રવાસન નિગમમાં મારો વિચાર મુખ્યો, અને એક સપનું એમના સહકારથી સાકાર થયું.'

'તોરલ વીલેજ' માં કચ્છના ભૂંગા પણ છે, મધ્ય ગુજરાતના રાઠવા શૈલીના ઝૂંપડા પણ છે ને ડાંગનું બાંબુ હાઉસ પણ છે, રાઠવા, પીઠોરા ને વારલી પેઈન્ટીંગની સાથે કચ્છનું હસ્તકલાનું કામ સુશોભનમાં થયું છે. બાજુમાં તળાવ છે એટલે પ્રાણીઓ અને પક્ષીઓ આવે છે, એક ગૌશાળા અહીં બનવાની છે, મડ પોઈન્ટ પણ બનશે. ઓગસ્ટ ૨૦૨૧માં ભૂમિપૂજન થયાના ૬૦ દિવસમાં જ આ પ્રોજેક્ટ પુરો થયો અને પછીથી માર્ચ-૨૦૨૨માં રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વર્ચ્યુઅલી 'તોરણ વીલેજ' ખુલ્લું મુક્યું હતું. અહીં પ્લાનટેશનમાં આયુર્વેદિક વનસ્પતિઓ ઉછેરવામાં આવે છે વળી, ચીકુ-કેરી જેવા ફળાઉ વૃક્ષો પણ ઉછેરાશે.

એક ચોક છે જયાં સાંસ્કૃતિક કાર્યક્રરો યોજાય છે, મંદિરમાં આરતી થાય ને કુવેથી પાણી પણ ભરાય. અસ્સલ દેશી ઢબનું રસોડું છે જયાં આર્ગેનીક મસાલા અને અનાજથી સાત્વિક રસોઈ બને છે.

પ્રબીનભાઈ અત્યારે રિસર્ચ કરી રહ્યાછે, એમને અહીં ટ્રાઈબલ ઈન્સ્ટ્રુમેન્ટનું મ્યુઝિયમ બનાવવું છે, આંબળાના દસ હજાર વૃક્ષોનું વાવેતર કરવું છે, લકઝરી નથી આપવી ને છતાં જરૂરી તમામ પ્રાથમિક સુવિધા આપીને પ્રવાસીઓ મૌજથી જીવે, રાજી રહે એ માટેનો સંનિષ્ઠ પ્રયાસ તેઓ કરી રહ્યા છે.

અહીં યોજાયેલા લોકનૃત્ય મહોત્સવમાં ગુજરાતની પ્રતિષ્ઠઈત સંસ્થાના કલાકારોએ મેવાસી, સીદી ધમાલ, ડાંગી, રાઠવા, ભવાડા પાવરી જેવા વૈવિધ્યપૂર્ણ નૃત્યો રજૂ કર્યા જેમાં શરીરનું સંતુલન, પહેરવેશ, શણગાર, ઉર્જા અને ઉલ્લાસ, વાજીંત્રો વગેરે થકી દર્શકોના મન મોહી લીધા હતા.

થોડા સમય પહેલાં અહીં અમદાવાદના કેટલાક મિત્રો અને કવિઓ આવ્યા ત્યારે મુશાયરાનો માહોલ ઊભો થયો હતો. અહીંના વાતાવરણથી અસરને ઝીલી કૃષ્ણ દવેએ લખ્યું છે.

હાલ ગામડે જઈએ મોટપણાની વંઠી ઠેકી,

અનુસંધાન પાના નં. ૭ પર

સર ઝુકાઓગે તો પથ્થર દેવતા હો જાયેગા, ઈતના મત ચાહો ઉસે વો બેવફા હો જાયેગા

આ હમણાંથી સવાર-સાંજ શ્રીરામ અને શ્રીકૃષ્ણનાં સાક્ષાત દર્શન દૂરદર્શન પર થાય છે,તેની અસર હેઠળ ગઈકાલે જ રાત્રે સાંપ્રત પરિસ્થિતિઓના પ્રભાવ હેઠળ ઈશ્વર સાથે સ્વપ્રમાં સંવાદ થયો તે યથાતથ આપની સમક્ષ રજૂ કરું છું.

જગન્નિયંતા ઈશ્વર,

આપ તો હમણાં હમણાંથી રોજેરોજ મુશ્કેલીરૂપી કચરો મારા આંગણામાં ઠાલવતાં જ રહો છો. ઘણા વખત સુધી તો હું મક્કમ રહ્યો, પરંતુ હવે તો હદ થાય છે, અમે તો તમારું જ અમૂલ્ય સર્જન છીએ,અને અમારી આવી દુર્દશા કરતા આપનો જીવ શી રીતે ચાલે ?

મને ઘણાં લોકો કહેતા હતા કેઃ ''ગાંડા આ તો પથ્થર છે, એને માથે ન ચડાવ. માટે જ કદાચ નિદા ફાઝલીએ કહ્યું હશે કે-

સર ઝુકાઓગે તો પથ્થર દેવતા હો જાયેગા
ઈતના મત ચાહો ઉસે વો બેવફા હો જાયેગા

આવા વચનો સાંભળવા છતાં હું તો તમારો એકતારો લઈને ફરતો રહ્યો.ઈશ્વર ઈશ્વર ઈશ્વર. તમારી એકહથ્થુ સત્તાને જ માનતો રહ્યો.તમારો મહિમા તો મેં અપરંપાર ગાયો; પણ બાપલીયા હવે તો તમે માઝા મૂકી છે ને કાંઈ! અમારા જેવા એકનિષ્ઠની પણ તમે તો રેવડી દાણાદાણ કરી દીધી છે. આખરે તમે ઈચ્છતા હો કે અમને હરાવીને અને થકવી દઈને અમારા મુખે તમારાં ભજન સાંભળી શકશો તો તમે યોગ્ય નથી કરી રહ્યા.

ફિલસૂફ કાર્લ પસ્પર્સનું વિધાન છે કે- આસ્તિક કરતાં નાસ્તિકમાં વધારે અટલ આત્મવિશ્વાસ હોય છે,કારણ કે નાસ્તિક માટે ઈશ્વરનું અવલંબન નથી. બીજા પર જવાબદારી ઢોળી દેવાની કાયર સુવિધા નથી. તેના કર્મો માટે તે સ્વયં નિર્ણય લે છે. મને લાગે છે કે, તમારી પરનો મારો રોષ મને વધુ આત્મવિશ્વાસી બનાવશે.ક્યાંક વાંચ્યું હતુ કે નિર્ણય લેવાની શક્તિ અનુભવમાંથી મળે છે અને અનુભવ ખોટા નિર્ણય લેવાથી મળે છે.

માનું કે હું વંઠેલ છું, પણ સાચુ કહું તો તમારી બીકથી જ તમારા પ્રત્યેની શ્રદ્ધા સદા અંધશ્રદ્ધામાં પરિણમે છે. શ્રાવણ કે અધિકમાસમાં ભક્તિનું ઘોડાપૂર ઉમટે છે. તમારા દરેક વ્રત ઉત્સવોને અમે માત્ર દેખાડો અને ઢોંગ બનાવી દીધો, નર્યો વેપાર બનાવી દીધો છે. હું સ્વીકારું છું.તમારી કુદરતને અમે જ નષ્ટ અને ભ્રષ્ટ કરી નાખી છે. નૈસર્ગિક સંતુલન અમે જ ખોરવ્યું છે.

પણ અમે તમારી પાસેથી એવી અપેક્ષા તો રાખીએ જ ને કે તમે અમને ક્ષમા કરી દેશો.આખરે છોરું કછોરું થાય, માવતર કુમાવતર થોડું થાય ?

વત્સ,

શું તું એમ માને છે કે મને કાં ખબર નથી પડતી? તારી બુદ્ધિ અને હૃદય વચ્ચે જે તોફાન ઊભું થયું છે,તેનો જવાબદાર તું સ્વયં જ છે. જે પરિસ્થિતિઓમાંથી તારું મનુષ્ય જગત પસાર થઈ રહ્યું છે,તે તો તારે ભોગવ્યે જ છૂટકો.

આજકાલ ૨૪ કલાક તમારા જીવનમાં બુદ્ધિ અને હૃદય વચ્ચે હુલ્લડ ચાલી રહ્યું છે, અને હાથે કરીને બુદ્ધિની તીક્ષ્ણ છરી લઈને તમે તમારા હૃદય પર ઘા મારી રહ્યા છો પણ એ ઘા ખરેખર તો મારા હૃદય પર પડે છે. તું મારી પાસેથી શું જવાબ માગવા નીકળ્યો છે ? ખરેખર તો તારા દરેક પ્રશ્નમાં જ, મૂળ સમસ્યામાં દોષી તમે જ છો. તે સત્ય તે સ્વીકારી લીધું છે, છતાં ઉપાયની અપેક્ષા મારી પાસેથી રાખે છે! મારાથી રિસાઈ જવાની કિંમત ઘણી મોંઘી પડશે. એટલું ચોક્કસ યાદ રાખજો કે તમે મારાથી દુર ખસી જાવ તે પહેલા હું જ તારાથી દૂર દૂર ચાલ્યો જઈશ. આમાં મારે કશું ગુમાવવાનું નથી. ખોવા જેવું તો તમારે છે, કારણકે પ્રેમની બાબતમાં તમે બુદ્ધિનો આશ્રય લઈને બેઠા છો. અંતરના અવાજને ગળે ટૂંપો દેનારાઓને મેં કદી સુખી જોયા નથી.

આ પશુ-પંખી, જળ , આકાશ, પહાડો ,નદીઓ, સમુદ્ર દરેકની રચના કર્યા પછી મારી ઉત્તમ રચનારૂપે મનુષ્યને અવતરિત કર્યા અને તમે લોકોએ મારી આ અબોલ સૃષ્ટિને તહસનહસ કરી નાખી. પાછો મને છોરું કછોરું મને માવતર કમાવતર સમજાવવા નીકળ્યો છે!

(અરે બાપ રે માર્યા ઠાર! પ્રભુ તો કોપાયમાન થયા)

કૃપાળુ પરમાત્મા તમારી વગર હું ક્યાં જવાનો હતો! આ તો તમને બોલતા કરવાની યુક્તિ અજમાવી હતી, મને થયું તમને આ કપરી પરિસ્થિતિમાં જો બોલતા કરવા હશે તો મારે આ રીતે જ આપને જગાડવા પડશે. પરંતુ કૃપાનિધાન તમે તો કોપાયમાન થયા હું તો આપનો શિષ્ય છું,રાંક છું. મને ખબર ન પડી. મારો વાંક છે.પરંતુ મારી ફરિયાદમાં પણ તમારી યાદ છે એ તમે કેમ ન સમજ્યા?

હવે અમે કાન પકડીએ છીએ. ચિંતન અને મનન કરવા માટે અમને ઘણો સમય મળ્યો છે. ત્યારે હું આપને એટલું તો ચોક્કસ જણાવીશ કે અમે હવે આ મહામૂલી કુદરતની કદર કરવાના છીએ.

જીવી શકું હું કેંઈ રીતે તમને સ્મર્યા વગર!
પાપણ કદીય રહી શકે છે મટકું ભર્યા વગર - મનહર મોદી

- jayuoza@gmail.com,
Mo.9898046488

ગુજરાત જમીનનો ટુકડો માત્ર નથી, એ તો સંસ્કાર, સંસ્કૃતિ અને સમૃધ્ધિનો સાક્ષાત્કાર છે

નવા નવા સપનાઓ શોધી નવા જ ક્યારે વાવે
તેજ તરસતી એ આંખોમાં સૂરજ આંજી લાવે
નવી સવારે નવું કિરણ લઈ આવ્યું નવલી વાત
અમારું નવું નવું ગુજરાત અમારું નવું નવું ગુજરાત
- કૃષ્ણ દવે

ગુજરાત એ સંસ્કાર સાથે પડકારની ભૂમિ પણ છે. ગુજરાત પ્રત્યેક ગુજરાતીઓના હૃદયના ધબકારની ભૂમિ છે. ગુજરાતના પડકારો, સંસ્કારો અને ધબકારો આજે વિશ્વ સમસ્ત મહેસૂસ કરી રહ્યું છે. ગુજરાત એટલે



શિક્ષણ, વિજ્ઞાન, સર્જન, તબીબી અને ઈજનેરી કૌશલ્યના તમામ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરીને ગર્વથી માથું ઊંચું કરીને દેશ અને દુનિયાને તેની વિકાસના દહાડ સંભળાવતો અદકેરો પ્રદેશ છે. ગુજરાતે સંસ્કાર, સંસ્કૃતિ, સમૃદ્ધિ અને વિકાસની બળુકી પહેચાન વિશ્વને કરાવી છે. જગતભરમાં જેનો જોટો ન જડે એવી લોકસંસ્કૃતિ અને ભાતીગળ લોકજીવનથી મહેકતો અને ચહેકતો ગુજરાત દેશ અને દુનિયામાં એક નોખો-અનોખો પ્રદેશ છે. ગુજરાતની ધરતી ઉપર હજારો વર્ષોથી કલા, સંસ્કાર અને સંસ્કૃતિની સરવાણી અવિરત વહેતી રહી છે. ગુજરાતની લોકજાતિઓ, વસ્ત્રાલંકારો, લોકત્સવો, પર્વો, મેળા, લોકસંગીત, નૃત્યો, વાદ્યો, ખાનપાન, સ્થાપત્ય, વગેરે પાસા વિશ્વ સમસ્ત માટે જબરજસ્ત આકર્ષણનું કેન્દ્ર બની રહ્યાં છે.

મે મહિનાના પહેલા દિવસ સાથે વિશ્વભરની અનેક ઘટનાઓની યાદો જોડાયેલી છે. ૧લી મે, ૧૮૯૭માં સ્વામી વિવેકાનંદજીએ કલકત્તા નજીક બારાનગરમાં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી હતી. ૧લી મે, ૧૮૪૦માં બ્રિટનમાં પહેલ વહેલી ડાક ટિકીટ રીલીઝ થઈ હતી. પણ ગુજરાતી બાંધવો માટે ૧લી મે સાથે જોડાયેલી અનેક જાણી અજાણી ઘટનાઓમાં શીરમોર ઘટના એટલે ગરવા ગુજરાતનો સ્થાપના દિવસ. છેક ચાલુક્ય વંશથી ગુજરાતના ઈતિહાસની કડીઓ મળે છે. ચક્રવર્તી ગુર્જરો પુસ્તકમાં કનૈયાલાલ માણેકલાલ મુનશી લખે છે કે, ''જે પ્રદેશની સીમા ઉત્તરે આબુ આગળ હતી અને દક્ષિણે પહેલાં મહિને કાંઠે, પછી નર્મદાના તીરે ને ત્યારબાદ દમણગંગાના તટ પર આવીને અટકી એ પ્રદેશ 'ગુજરાત' નામે ઓળખાવા લાગ્યો.'' ઈન્દુલાલ યાજ્ઞિક, રવિશંકર મહારાજ, વિદ્યાગૌરી નીલકંઠ જેવા આગોવાનોએ ઓગસ્ટ તા. ૮, ૧૯૫૬થી મહાગુજરાત આંદોલન છેડીને ચાર-ચાર વર્ષ સંઘર્ષમય અહિંસક લડત આપ્યા બાદ ૧લી મે, ૧૯૬૦ના રોજ સ્વતંત્ર ગુજરાત રાજ્યનો પરચમ લહેરાયો.

ગુજરાત એટલે ગરબા, ગુજરાત એટલે વેપાર, ગુજરાત એટલે સ્વાદ, ગુજરાત એટલે સાહસ, ગુજરાત એટલે સંસ્કાર, ગુજરાત એટલે સૌજન્ય, સંતો, શૂરવીરો અને સાહિત્યકારોની ભોમકા એટલે ગરવું ગુજરાત. છપ્પનીયો દુકાળ હોય કે મોરબી, સુરત, બનાસકાંઠા જેવી જળ હોનારતો હોત, ધરતીકંપનો માર, વાવાઝોડાનો ત્રાસ કે પછી કોરોના મહામારી હોય ગુજરાતી બાંધવોએ આફતોનો મક્કમ મુકાબલો કરીને વિકાસને રતિભર પણ મોળો પડવા નથી દીધો. દેશની કુલ વસતિના પાંચ ટકા ગુરાતી બાંધવો છે અને વિસ્તારની રીતે જોતા દેશની કુલ જમીનના છ ટકા હિસ્સો ગુજરાત પ્રદેશનો છે. વિશ્વનું સૌથી પહેલું 'પ્યોર વેજ સબ-વે' અને 'ડોમીનોઝ' ગુજરાતમાં ખુલ્યું હતું. વિશ્વના ૮૦ ટકા હિરા ઉદ્યોગના સુરતમાં પોલીશ થાય છે. દુનિયાનું સૌથી પહેલું 'વેજ પીઝાહટ' અમદાવાદમાં ખુલ્યું હતું. ગુજરાતના પ્રત્યેક ગામમાં વીજળી છે. ભારતના કુલ મીઠાના ઉત્પાદનમાં સિંહ ફાળો ગુજરાતનો છે. હિન્દુસ્તાનમાં સૌથી વધુ રૂ ગુજરાતમાં ઉત્પાદનમાં થાય છે. દેશમાં ૨૦ ટકા ઉપરાંત ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટ ગુજરાતનું છે. દેશના કુલ ટેક્ષટાઈલ પ્રોડકશનમાં ૨૪ ટકા જેટલું ઉત્પાદન ગુજરાત કરે છે. ઉપ ટકા ફાર્મા પ્રોડક્ટ, ૫૧ ટકા પેટ્રોકેમિકલનું પ્રોડકશન ગુજરાતમાં થાય છે. દૂધના ઉત્પાદનમાં ગુજરાત અવ્વલ છે. એમ પણ કહી શકાય કે, દેશ આખાને દૂધ ગુજરાત પીવડાવે છે.

ધ નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક્સ રિસર્ચના અહેવાલ અનુસાર બેંગલોર અને મદ્રાસ પછી સુરત ભારતનું સૌથી અમીર શહેર છે. ગુજરાતની જીડીપી છેલ્લા દોઢ-પોણા બે દાયકાથી લગાતાર ૧૨ ટકાથી વધુ છે. ગુજરાતની જીડીપી ભારત અને ચીનની જીડીપી કરતાં પણ વધારે છે. એવરેજ ગ્રોથ રેટમાં ગુજરાત અવ્વલ છે. વર્કરદીઠ ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં ગુજરાત અગ્ર હરોળમાં છે. મગફળી અને કપાસના ઉત્પાદનમાં ગુજરાત નંબર વન છે. જીરૂ અને મસાલામાં ગુજરાત સર્વપ્રથમ છે. રોજગાર કેન્દ્રોમાં પ્લેસમેન્ટમાં ગુજરાત દેશમાં અગ્રેસર છે.

રિયાલન્સ, ટાટા, અદાણી, વિપ્રો, પારલે, અતુલ, પીડીલાઈટ, એશિયન પેઈન્ટસ, બાલાજી વેફર્સ આ બધી નેશનલ મલ્ટીનેશનલ જાયન્ટ કંપનીઓની શરૂઆત ગુજરાતીઓએ કે ગુજરાતમાં રહેવાવાળાઓએ કરી છે. ગુજરાતના પાણીમાં જ અદભુત તાકાત છે. એવી તો કઈ ખાસ વાત છે કે, ગુજરાતી અને ગુજરાતના હવા પાણીમાં ઉછરનારા બીઝનેસ ક્ષેત્રે કાઠું કાઢી શકે છે ? ગુજરાતીઓના બીઝનેસ એટિટ્યૂડ માટે કેટલીક ઊડીને આંખે વળગે એવી વિશેષતાઓની નોંધ લેવી પડે. ગુજ્જુભાઈ હંમેશા ડેઈલી નીડ બેઝ બીઝનેસમાં જ ઝંપલાવે છે. માણસની રોજબરોજની જરૂરિયાત કેન્દ્રમાં રાખીને જ ગુજરાતી કોઈપણ વ્યવસાય શરૂ કરે છે. કપડાં, સાડી, ટેલિફોન એસેસેરીઝ, શેવિંગ ક્રીમ, ફેસ પાવડર, બુટ ચંપલ, મોજા, ચશ્માની ફ્રેમ જેવા નાના મોટા ધંધા ગુજરાતી બાંધવ ખૂબ સરસ રીતે કરી જાણે છે. ગુજરાતીઓને એ પણ ખબર છે કે, કયો બીઝનેસ કરવાથી ફાસ્ટ રીટર્ન મળશે. જે બીઝનેસમાં ફાસ્ટ રીટર્ન મળે છે એવો બીઝનેસ ગુજરાતીઓ ફટાફટ કરતાં હોય છે. એક મજાની વાત એ પણ છે કે, ગુજરાતી કોઈપણ ધંધામાં સંકોચ કે શરમ નથી અનુભવતા. એમનો મંત્ર હોય છે કે, નાનો હોય કે મોટો બીઝનેસ આખરે બીઝનેસ છે. ગુજરાતી પરિવારમાં બાળકોને બાળપણથી જ બાપદાદાના બીઝનેસની ગાદી ઉપર બેસવા માટેની સૂઝ અને સમજ ડેવલપ કરવામાં આવે છે.

ગુજ્જુભાઈની એક વિશેષતા એ પણ છે, એ એના કલ્ચરથી અને એની ધરતીથી સતત જોડાયેલો રહે છે. દેશમાં હો